

# અમદાવાદમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશ્વમાં સર્વ પ્રથમ મંદિર

**પ્રાથમ્ય :**

ભારતીય સનાતન ધર્મ પરંપરા અને સામાજિક–સાંસ્કૃતિક જીવનશૈલીમાં મંદિરનું માહાત્મ્ય ઘણું અધિક છે. ભારતીય જનજીવનના દૈનિક જીવનનું મંદિર એક અભિન્ન અંગ છે.

શ્રીજી મહારાજે પોતાના ઉત્તર જીવનકાળ દરમિયાન સદ્‌ગુરુ સંત શ્રી મુક્તાનંદ સ્વામીજીની અંતરભાવનાને સ્વીકારી, અત્યંત કૃપા કરી જે વિશિષ્ટ સંકલ્પો કર્યા તેમાં મંદિરનિર્માણ એક પ્રમુખ સંકલ્પ હતો. અને એ સંકલ્પને શ્રીજી મહારાજે પોતાનાં ઐશ્વર્ય, પ્રતાપ અને કૃપાવર્ષા દ્વારા અનેક સદ્‌ગુરુ સંતો દ્વારા સાકાર કર્યો. અનેક પ્રકારની વિપરીત પરિસ્થિતિ અને સંજોગોમાં એક શ્રીજી મહારાજના વચન પ્રત્યે દષ્ટિ રાખી, કેવળ પ્રભુને રાજી કરવાના એકમાત્ર હેતુથી થોડાં જ વર્ષોમાં આ દિવ્ય સદ્‌ગુરુ સંતોએ ગુજરાતનાં વિવિધ નગરોમાં છ મંદિરોનાં નિર્માણ સંપન્ન કર્યાં. આ મંદિરોનાં નિર્માણની ગાથા રસિક તો છે જ; પરંતુ, તેથીય વિશેષ સદાકાળ પર્યંત આપણને પ્રેરિત અને ગૌરવાન્વિત કરનારી છે.

આવી જ પ્રેરક અને ગૌરવશાળી ગાથા ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ દ્વારા રચાયેલાં ભવ્ય મંદિરોની પણ છે. એ સમય તો ખરી કસોટીનો હતો ને શ્રીજી મહારાજ પ્રબોધિત 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના'ના પાયા પાતાળે દૃઢ કરવાનો હતો.

પાંચ સંતો ને આંગળીના વેઢે ગણાય તેટલા શૂરવીર નિષ્ઠાવાન હરિભક્તોના સદ્‌ભક્તિભાવ સાથે ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે આરંભેલી એ મહાદિવ્ય આધ્યાત્મિક ઉત્થાનની ઉત્ક્રાંતિની ઉજ્જવળ ગાથા આજે આભ આંબતાં એ મંદિરોના શિખરની ધજા લહેરાઈ લહેરાઈને ગાઈ રહી છે; જેનાં નિર્માણ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુહરિ યોગીજી મહારાજે અત્યાધિક કપરા સંજોગોમાં કર્યાં. એ સમય એવો હતો જ્યારે ન તો મંદિર બાંધવા પાણા (પથ્થર) હતા, ન પાણા ખરીદવા નાણાં હતાં, કે ન તો આવનારા ટંકે શ્રી ઠાકોરજીને જમાડવા દાણા (અનાજ) હતા ! અને છતાં કેવળ એક શ્રી હરિકૃષ્ણ મહારાજના આશરે અપમાન, અપશબ્દો ને તિરસ્કાર કે ધૃણા પ્રત્યે કેવળ પ્રેમભીના આશીર્વાદ ને સદ્‌ભાવ વરસાવી શાસ્ત્રીજી મહારાજે પચ્ચીસ વર્ષથી પણ ઓછા સમયમાં, અકલ્પનીય વિપદા છતાં પાંચ–પાંચ ભવ્ય, નયનરમ્ય, ગગનચુંબી મંદિરોનાં નિર્માણ કરી શ્રી અક્ષરપુરુષોત્તમના જયઘોષને દિગ્‌દિગંતમાં ગૂંજતો કર્યો.

આ અંકથી આગામી બાર અંકોમાં 'બ્રહ્મનિર્ઝર' આ મંદિરોની દિવ્ય ગાથા ગાવાનો ઉમંગ સેવે છે. ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર આપણા પ્રાણપ્યારા સાહેબદાદાની પ્રેરણા અને આશીર્વાદ–માર્ગદર્શન સાથે એક શિખરસંપન્ન ભવ્ય કલાત્મક મંદિરનું નિર્માણ પૂરજોશમાં અને ભક્તિ, ભાવ અને સેવાના જયઘોષ સાથે ચાલી રહ્યું છે ત્યારે આ ઐતિહાસિક ગાથા પ્રસ્તુત અને પ્રેરણાદાયી છે.

તો આવો, આ અંકમાં વસંતપંચમી મહાપર્વે અને શ્રી 'શિક્ષાપત્રી' જયંતીએ શ્રીજીમહારાજ તથા ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના શ્રી ચરણોમાં અનંત સાષ્ટાંગ પ્રણામ સાથે શ્રીજી મહારાજ નિર્મિત અમદાવાદ સ્થિત ભવ્ય મંદિરની ગાથાના મહિમાને જાણીએ, ધન્યતા અનુભવીએ !

~ ડૉ. મનોજભાઈ સોની

---

**સર્વાવતારી** પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુપમ દિવ્યતાનો સંસ્પર્શ અનેકોનાં જીવનમાં સદ્‌માર્ગ પ્રેરી રહ્યો હતો અને વળી, અસંખ્ય મુમુક્ષુઓને તેમના પરબ્રહ્મપણાનો સ્વીકાર અને સાક્ષાત્કાર સહજ થયો હતો. પ્રભુના સંબંધે અને બળે ધાર્મિક નિષ્ઠાભર્યું, સદાચારી અને નિર્વ્યસની જીવન સૌનું સહજ બન્યું હતું.

તેવામાં, શ્રીજી મહારાજે સૌરાષ્ટ્રના જાળિયા ગામે બીમારી ગ્રહણ કરી. તેઓ એટલા બધા બીમાર પડી ગયા કે, પોતાની દેહલીલા સંકેલવાની વાતો કરવા લાગ્યા. એક દિવસ સત્સંગનાં મા સમાન સંત મુક્તાનંદ સ્વામીના ખોળામાં શ્રીહરિ પોતાનું માથું મૂકી આરામ કરતા હતા. 'પ્રભુની સેવા કરવા આ દેહ વપરાયો અને પ્રભુએ સામેથી સેવા અંગીકાર કરવાની કૃપા કરી...' તેવા ભાવભર્યા વિચારોનાં પૂર મુક્તાનંદ સ્વામીના મનમાં ઊભરાયાં. મુક્તાનંદ સ્વામી આ કરુણાની અનુભૂતિમાં ને પ્રભુમાહાત્મ્યમાં સંપૂર્ણ ગરકાવ બની ગયા અને તેવામાં તેઓની આંખોમાંથી અશ્રુઓ સરવાં લાગ્યાં. અશ્રુનાં કેટલાંક બુંદ શ્રીજી મહારાજના ગાલે પડ્યાં. આંસુની ગરમાશને લીધે પ્રભુ જાગી ગયા અને મુક્તાનંદ સ્વામીને કારણ પૂછવા લાગ્યા.

ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે, 'હે કરુણાસાગર ! તમે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પ્રથમ વખત આ પૃથ્વી ઉપર જન્મ ધરીને આવ્યા છો એવો અમને નિશ્ચય થયો છે. આપે અસંખ્ય પામર, પતિત જીવોનો ઉદ્ધાર કર્યો છે. આપના દિવ્ય સંબંધને પામનારની મોક્ષગતિ નિશ્ચિત બની છે અને આપ આમ જ આ દેહ મૂકીને ધામમાં જતા રહેશો ? આપે અમને તો ઉપદેશ આપ્યો, પરંતુ આગામી સત્સંગસમાજ અને ભક્તો માટે તો કશી જ વ્યવસ્થા કરી નથી. સામાન્ય બાવો પણ પોતાનો મઠ બાંધીને જાય અને આપે તો દેરું સુદ્ધાં નથી કર્યું. આપના આ કલ્યાણકારી અવતરણની અનુભૂતિ આવનારા સમયમાં કોઈને કેવી રીતે થશે, દયાળુ ?'

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી, તેમની ચિંતાને સમજી શ્રીજી મહારાજે તત્કાલ પોતાની બીમારીની લીલા સંકેલી અને અનંત ભક્તોનાં કલ્યાણ માટે સંકલ્પ કર્યો કે, 'મોટાં શિખરબદ્ધ મંદિરો કરવાં, સંપ્રદાયની સાચવણી માટે આચાર્યો સ્થાપવા, સંપ્રદાયની પુષ્ટિ માટે સત્‌શાસ્ત્રો રચવાં અને એકાંતિક ગુણાતીત સંત દ્વારા સદાય પ્રગટ રહી આત્યંતિક કલ્યાણનો મોક્ષમાર્ગ આ બ્રહ્માંડમાં સદાય ખુલ્લો રાખવો.'

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અનાદિ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે અને તેઓ દ્વારા સત્સંગમાં પ્રગટ રહેવાના, મોક્ષમાર્ગની ધારા અખંડ રાખવાનાં વરદાન આપી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની હયાતીમાં જ પંચવર્તમાનને દૃઢતાથી પાળે તેવા ૩૦૦૦ સંતો અને પાર્ષદો બનાવ્યા. જેમાંથી ૫૦૦ સંતોને તો કારિયાણીમાં એક જ દિવસમાં પરમહંસની વિશિષ્ટ દીક્ષા આપી તેઓ થકી એકાંતિક ધર્મનું પ્રવર્તન વહેતું રાખ્યું. કાઠી, કણબી, કોળી, મોચી, સઈ, સુથાર આદિ ઘણી પછાત કોમના ભક્તોને બ્રાહ્મણો જેવું શુદ્ધ અને પવિત્ર જીવન જીવતા કર્યા. બહારવટિયા, ડાકુ, ભૂવા, તાંત્રિક, અહંકારી, લોભી, પાખંડીઓનાં અજ્ઞાન અને અહંકારને દૂર કરી સદાચારનો માર્ગ બતાવી ભગવાન ભજતા કર્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ચોરી, હિંસા, પરસ્ત્રીગમન, દારૂ, બીડી, માંસ વગેરે અનિષ્ટ તત્ત્વોને છોડાવી લાખો લોકોનાં જીવનનાં ઘડતર કીધાં. બાળકીને દૂધપીતી કરી મારી નાખવી, સ્ત્રીએ પોતાના મૃત પતિની પાછળ સતી થઈ જવાના અધર્મી રિવાજને બંધ કરાવી સ્ત્રીઉત્કર્ષનાં કાર્યો કર્યાં; જેનો બહોળો પ્રભાવ તે સમયના પ્રતિષ્ઠિત નાગરિકો અને ચર્ચના પાદરીઓ સહિત અંગ્રેજ સરકાર પર પણ પડ્યો. દુષ્કાળના સમયે સદાવ્રત શરૂ કરાવ્યાં અને ગામડે ગામડે પાણીની વાવ, કૂવા, તળાવો પણ ખોદાવ્યાં. હિંસક યજ્ઞો કરતા લોકોને સમજાવી અહિંસક યજ્ઞોની શરૂઆત કરાવી. તેમજ દોરા, ધાગા, યંત્ર, ક્રિયાકાંડો, જાદુટોણાના આશરે ચઢેલી પ્રજાનાં અંધશ્રદ્ધાનાં અંધારાં ઉલેચી ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમને પૂજા-પાઠ, સનાતન ધર્મ, મહિમાભરી સેવા અને દાસત્વેયુક્ત ભક્તિનો માર્ગ બતાવી તેમની ઉન્નતિ કરી.

જીવનલીલાના છેલ્લા દાયકામાં જ તેમણે 'વચનામૃત', 'શિક્ષાપત્રી', 'ભક્ત ચિંતામણિ', 'સત્સંગી જીવન' આદિ જેવાં અનેક સત્‌શાસ્ત્રોની રચના કરી અને કરાવી.

શ્રીજી મહારાજના બધા જ સંકલ્પો સાકાર થયા, જેમાં સંતો, ભક્તો સૌએ ખૂબ સેવાઓ કરી. તેમાંય મંદિર-નિર્માણનો તેમનો સંકલ્પ સાકાર થવો શરૂ થયો અમદાવાદના મંદિરથી.

અત્યારનું 'અમદાવાદ' શહેર ત્યારે 'શ્રીપુર' કે 'શ્રીનગર' તરીકે પણ પ્રસિદ્ધ હતું. અમદાવાદમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશ્વમાં સર્વ પ્રથમ મંદિર શ્રીહરિએ સ્વયં બંધાવ્યું અને તેમાં શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવીને પ્રતિષ્ઠિત કરી.

પરંતુ, આ સઘળું થવું એ કઈ સહેલું નહોતું. અમદાવાદમાં મંદિર નિર્માણનાં પગરણ જેતલપુરના અહિંસક યજ્ઞ બાદ મંડાયાં. શ્રીજી મહારાજ અને તેમના સંતોનું શુદ્ધ, પવિત્ર અને અહિંસક આચરણ કેટલાક દંભી અને પાખંડી બ્રાહ્મણો, પંડિતોને પચતું નહિ. આ વામમાર્ગી બ્રાહ્મણોએ તો જેતલપુરના યજ્ઞમાં પણ ખૂબ વિઘ્નો ઊભાં કર્યાં હતાં. લાડવા તળાવમાં નાખી દીધા, ઘી ઢોળી દીધું અને સ્વામિનારાયણ ભગવાનનું ખોટું દેખાય એવા તમામ પ્રયત્નો કર્યા. યજ્ઞ કેમે કરીને સફળ રીતે પૂર્ણ ન થાય તેનાં કાવતરાં કર્યાં, પણ ભગવાનનાં કાર્યને કોણ રોકી શકે?! યજ્ઞ સરસ રીતે પાર પડ્યો, ચારેય દિશાઓમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયજયકાર થયો. વામમાર્ગી બ્રાહ્મણો અને તેમના વડા લોલંગર બાવાને આ રુચ્યું નહિ.

તે સમયમાં અમદાવાદમાં મરાઠા શાસન હતું. અમદાવાદનો પેશ્વાઈ સૂબો વિઠ્ઠલરાવ બાલાજી એ લોલંગર બાવાનો શિષ્ય હતો. તેથી આ સંબંધે લોલંગર બાવાએ અને વામમાર્ગી બ્રાહ્મણોએ તેની કાનભંભેરણી કરીને ઉશ્કેર્યો કે, 'સ્વામિનારાયણ ભગવાન યજ્ઞમાં પશુબલિનો હોમ કરતા નથી, વેદ પ્રણાલી વિરુદ્ધ યજ્ઞ કરે છે અને શાસ્ત્રની મર્યાદાનો ભંગ કરે છે. તમારા રાજમાં આવું થશે તો તમને મહાઅનર્થ થશે.' એટલે સૂબાએ કહ્યું કે, 'તમે કોઈ ચિંતા કરતા નહીં. હું સ્વામિનારાયણને પકડી તેમનું કાસળ કાઢી નાખીશ. આપણા રાજ્યમાં આવો અધર્મ ચાલે જ નહિ.' ત્યારબાદ સૂબાએ કાવતરું ઘડ્યું. 'સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં અદ્‌ભુત કાર્ય કર્યું તેથી તેમનું સન્માન કરવું છે' એમ અમલદારો પાસે કહેવડાવી શ્રીજી મહારાજને ભદ્રના કિલ્લામાં પધારવા આમંત્રણ આપ્યું. મુખ્ય ભવનમાં તેલનો ટાંકો હતો તે ઉપરથી ખબર ન પડે તેવી રીતે સુશોભિત કરી યુક્તિપૂર્વક શ્રીજીમહારાજને બિરાજવા વિશિષ્ટ આસન તૈયાર કરાવ્યું. સૂબાનો મનસૂબો મહારાજનો સત્કાર કરવાનો નહિ, પણ વિરોધ કરવાનો છે તેવો ભાવ મુક્તાનંદ સ્વામીને થયા કરતો હતો, કારણ કે, સૂબાએ પૂર્વે જે ત્રાસ પૂર્વે ગુજાર્યો હતો તેનાથી તેઓ પરિચિત હતા. તેથી, સ્વામીએ મહારાજને કિલ્લે ન જવા વિનંતી કરી. ત્યારે પ્રભુ બોલ્યા કે, 'સમગ્ર બ્રહ્માંડનાં નાડી-પ્રાણ અમારા હાથમાં છે તો આ સૂબાની શી વિસાત!'

પ્રભુ કિલ્લામાં પધાર્યા. સૂબાની સૂચનાથી તેમની સાથે કોઈને અંદર પ્રવેશવા ન દીધા, પણ શ્રીહરિ સાથેના દંડી સંન્યાસી દેવાનંદજી તો ધક્કો મારી અંદર ગયા ને પ્રભુ સાથે જ રહ્યા. શ્રીજી મહારાજ પણ સૂબાની યુક્તિ જાણતા હતા એટલે જ્યારે સૂબાએ આસન પર બિરાજવા આગ્રહ કર્યો ત્યારે પ્રભુએ પોતાની હાથમાં પકડેલી લાકડી દ્વારા આસનની ગાદીનો ખૂણો દબાવ્યો ને તેની સાથે જ આખું આસન નીચે તેલના ટાંકામાં પડ્યું. એમ સૂબાનું કાવતરું ખુલ્લું પડ્યું. સૂબાના હાથ હેઠા પડ્યા. આ તે સહન કરી શક્યો નહિ અને જેમ-તેમ બોલવા લાગ્યો. આવેગમાં આવી સૂબાએ ફરમાન કર્યું કે, 'અમારું રાજ્ય

હોય ત્યાં સુધી તમારા માટે શ્રીપુર શહેરના દરવાજા બંધ ! હમણાં ને હમણાં જ ઇંડરિયા દરવાજેથી તમે શહેરની બહાર નીકળી જાઓ !'

મહારાજે બહાર આવી સૌ સંતો-ભક્તોને સમાચાર આપ્યા અને સૌ શાંતિથી કિલ્લાની અને પછી શહેરની બહાર નીકળી ગયા. કોઈ સંતે પ્રભુને પૂછ્યું કે, 'હવે આપણે અમદાવાદમાં ક્યારે આવીશું ?' ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'આવો સમય કાયમ રહેવાનો નથી. અહીં સાનુકૂળ સંજોગો સર્જાશે.' શ્રીજી મહારાજનું અપમાન કરનાર સૂબો તો તે જ વર્ષે રોગને પામ્યો. વળી, આંતરિક પ્રશ્નોને લીધે શ્રીપુરમાં સૂબાની સત્તાનો અંત આવ્યો અને અંગ્રેજોની સત્તા આવી.

સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો કોઈ ગુના નહોતા કરતા તેમજ વ્યસનો અને અન્ય દૂષણોથી દૂર રહેતા તેથી અંગ્રેજ સરકારને થયું કે, સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદ તેડવા. તેમનો સત્સંગ હશે તો અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા સારી જળવાશે. અંગ્રેજ અમલદાર મિ. એરણને પ્રભુ સાથે પૂર્વ સંબંધ હતો અને તત્કાલીન અધિકારી મિ. ડનલોપે આદરપૂર્વક શ્રીજી મહારાજને અમદાવાદ પધારવા નોતરું મોકલ્યું.

અગિયાર વર્ષના વિયોગ બાદ પ્રભુ અમદાવાદ પરત પધાર્યા. અંગ્રેજોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભવ્ય સ્વાગત કર્યું, શ્રીહરિનો સમાગમ કર્યો. પ્રભુએ તેમને નીતિ આચરવા ઉપદેશ કર્યો અને કહ્યું કે, 'તમે અનીતિ આચરશો તો તમારા રાજ્યનો અંત આવશે. સારા કાર્યમાં ભગવાન અને સંતના આશીર્વાદ હોય જ ! નીતિ અને ધર્મ પ્રવર્તે એ જરૂરી છે.' પ્રભુની વાતો સાંભળી તેઓ રાજી થયા અને તેઓએ કહ્યું કે, 'અમારા કાર્યને આપના આશીર્વાદ મળ્યા ને અમે ધન્ય થયા. હવે આપ વારંવાર અહીં પધારો અને અહીં જ આપનું મોટું સ્થાન કરો.' ત્યારબાદ પ્રભુએ અમદાવાદમાં મંદિર કરવાનો સંકલ્પ કર્યો. કાલુપુરની ખૂબ વિશાળ જગ્યા, જે-તે વખતે પાઠકવાડીના નામે પ્રચલિત હતી, તે અંગ્રેજ અમલદાર મિ. ડનલોપે સૂર્ય-ચંદ્ર રહે ત્યાં સુધી તામ્રપત્ર પર લખીને અર્પણ કરી. એટલું જ નહિ, બ્રિટન મોકલી તેની પર સહીસિક્કા પણ કરાવી આપ્યા.

મંદિર માટે જમીન મળી એટલે સ્વામિનારાયણ ભગવાને ત્યાં મંદિર બનાવવાના કાર્યને દિશા આપી. શ્રી સ્વામિનારાયણ ભગવાનના વખતથી સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા એ રહી છે કે, કોઈ પણ કાર્ય પૂર્ણ પ્લાનિંગ સાથે જ પાર પાડવું. સ્વામિનારાયણ ભગવાને એ સમયના સ્થપતિ અને સત્સંગી એવા ભુજના નારણજીભાઈ સુથાર પાસે ત્રણ શિખરના ભવ્ય મંદિરની આકૃતિ તૈયાર કરાવી. અને તેના નિર્માણકાર્યની જવાબદારી સદ્ગુરુ આનંદાનંદ સ્વામીને સોંપી.

આનંદાનંદ સ્વામીએ મંદિરની આકૃતિ જોતાં કહ્યું કે, 'મહારાજ! આવું મંદિર તૈયાર કરવા માટે તો ખૂબ ખૂબ નાણાં જોઈશે, એ વગર શક્ય નથી તેથી નાનું મંદિર બનાવીએ ?' મહારાજે પરભાવમાં આવીને કહ્યું, 'ના ! મંદિર તો આવું ભવ્ય જ બનાવવું છે.' મહારાજે ત્યાં ને ત્યાં સભામાં જે ભક્તો બિરાજમાન હતા તેમની સમક્ષ આ વાત મૂકી કે, 'આપણે અમદાવાદમાં આવું મંદિર બાંધવું છે.' એમ કહી ખરડો કર્યો. સભામાં બેઠલા ભક્તોએ અત્યંત રાજી થકા સમર્પણભાવ દર્શાવ્યો અને એ જમાનામાં આઠ હજાર રૂપિયા ભેગા કરી આપ્યા.

મહારાજે એ આનંદાનંદ સ્વામીને આપ્યા ને કહ્યું કે, 'જાવ ! હવે મંદિર શરૂ કરો અને હજી પણ જો તમને પૈસાની જરૂર પડે તો કહેજો, તો અમે વ્યવસ્થા કરી આપીશું.' એ વખતે મહારાજે ચાર કે પાંચ સત્સંગીનાં નામ પણ આપ્યાં ને કહ્યું કે, 'જો જરૂર પડશે તો આ સત્સંગીઓ પાસેથી જ નાણાંની વ્યવસ્થા થઈ જશે.' સંવત ૧૮૭૭નું એ વર્ષ હતું. આનંદાનંદ સ્વામી મહારાજની આજ્ઞા માથે ચઢાવી અમદાવાદ આવ્યા અને મંદિરનું નિર્માણ કાર્ય હાથ પર ધર્યું.

એક જ વર્ષના ટૂંકા ગાળામાં ભવ્ય મંદિર તૈયાર થયું. મૂર્તિપ્રતિષ્ઠા વેળા કાંકરિયા તળાવથી છેક કાલુપુરના મંદિર સુધી એક ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી. બ્રાહ્મણોની ચોરાશી પણ કરવામાં આવી. વિક્રમ સંવત ૧૮૭૮, ફાગણ સુદી ત્રીજ, ઈ.સ. ૧૮૨૨ની ૨૪ મેના રોજ અમદાવાદમાં શ્રીજી મહારાજે શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવી સ્વહસ્તે તેની પ્રાણપ્રતિષ્ઠા કરી.

શાસ્ત્રોએ શ્રી નરનારાયણ દેવને ભરતખંડના રાજા કહ્યા છે. ભારતભૂમિમાં સાધના અને ભક્તિ કરતા ભક્તોની ભક્તિની અભિવૃદ્ધિ માટે શ્રી નરનારાયણ દેવ બદરિકાશ્રમમાં રહી ખૂબ કઠિન તપ કરે છે. વેદવ્યાસ મુનિએ 'શ્રીમદ્ ભાગવત'માં શ્રી નરનારાયણ દેવનો ખૂબ જ મહિમા ગાયો છે. તેથી જ પ્રભુએ શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા અને વળી, ભવ્યતાની સાથે ઉત્તર કાલમાં થયેલ આ મંદિરની હવેલીમાં કાષ્ઠ કોતરણી, કળા-કારીગરીનો ઉત્કૃષ્ટ સમન્વય થયો છે.

શ્રીજી મહારાજનો મંદિર નિર્માણ કરવાનો સંકલ્પ સામાન્ય ન હતો કે પોતાની મહત્તા દેખાડવાનો ન હતો. એ તો કેવળ ભગવાનના ભક્તના કલ્યાણ અર્થે હતો. મોક્ષમાર્ગમાં ઉપાસનાનું મહત્ત્વ સવિશેષ છે. ગઢડા મધ્ય-૨૭મા 'વચનામૃત'માં પ્રભુએ સ્વયં કહ્યું છે કે, *'અમે વિચારીને જોયું જે, અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહિ; ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે, તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ થશે.'*

અમદાવાદનું મંદિર પ્રભુના આ આશીર્વચનનું પ્રથમ સાકાર સ્વરૂપ છે. આ જ ઉપાસનાનાં મંદિરો સર્વ ગુણાતીત સ્વરૂપો અને સંતભગવંત સાહેબજી પણ કરાવી રહ્યાં છે. ત્યારે વિશ્વના સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રથમ મંદિરના શ્રી નરનારાયણ દેવને બ્રહ્મજ્યોતિમાં મંદિરનિર્માણ વર્ષે અનંત વંદના ! ◆